ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૪૦.૬ ડીગ્રી
લઘુતમ : ૨૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૪૨ ટકા ● સાંજે ૨૧ ટકા

# બ્લેક ફિલ્મવાળી ગાડીઓ પર કાર્યવાહી સામે જનતાનો એકમત...

## ટ્રાફિક પોલીસ દ્વારા કાળા કાચવાળી ગાડીઓ ને રોકવામાં આવતી નથી : સામાન્ય જનતા જ માત્ર દંડ ભરવા પર મજબૂર
## અસામાજિક તત્વો, નબીરાઓ, બુટલેગરો, કાળા કાચ વાળી ગાડીઓ લઈને ફરતા હોવાની સૂત્રો દ્વારા માહિતી

શહેરમાં પોલીસ તંત્ર દ્વારા ટ્રાફિક ભંગ બદલ નાગરિકો સામે કડક કાર્યવાહીઓ કરવામાં આવી રહી છે. ૬ માર્ચથી પોલીસ ડ્રાઈવ રાખવામાં આવી છે અને ટ્રાફિક નિયમોનું પાલન થાય તે માટે મોટા દંડ પણ વસૂલવામાં આવે છે. આ સાથે લાયસન્સ સસ્પેડ સુધીની કાર્યવાહીઓ થાય છે ત્યારે આ કાયદો જાણે માત્ર ગરીબ અને મધ્યમ વર્ગના નાગરિકોને જ લાગુ પડતો હોય તેવું દેખાઈ રહ્યું છે. શહેરમાં હેલ્મેટ વગરના સીટબેલ્ટ ના પહેરનારાઓ પર પોલીસ તંત્ર ચોકકસથી કાર્યવાહીઓ કરે છે જયારે શહેરમાં કાળા કાચવાળી ગાડીઓ અને નંબર પ્લેટ વગરની ગાડીઓવાળાઓને કોઈ રોકટોક કે કાર્યવાહીઓ થઈ રહી નથી જયારે કાળા કાચ વાળા દિન દહાડે પોલીસવાળાઓની સામેથી જ પસાર થતા હોય છે તો પણ તેમને રોકવામાં આવતા નથી. કારણ એક જ છે કે આવી ગાડીઓમાં પોલીસના બોર્ડ લગાવેલા હોય છે અને અંદર કોઈ પોલીસનું માણસ હોતું નથી. આવી ગાડીઓ ચલાવવાવાળા ઉપર મોટા અધિકારીઓનો હાથ હોવાથી તેઓ મન ફાવે તેમ નિયમનો ભંગ કરી રહ્યા છે. જો કોઈ ટ્રાફિક પોલીસવાળા તેમની અટકાયત કરે તો તરત જ મોટામાથાઓને ફોન લગાવીને ગાડી રવાના થઈ જાય છે. કાળા કાચવાળી ગાડીઓ જેમાં ૧૦૦ ટકા બ્લેક ફિલમ લગાવેલી હોય છે જેમાં આરપાર કંઈ દેખાતું હોતું નથી તેવી ગાડીઓ શહેરમાં વધી રહી છે. નબીરાઓ, બુટલેગરો, અસામાજીક તત્વ, એકદમ કાળાકાચવાળી ગાડીઓનો ઉપયોગ કરી રહ્યા છે જેમાં પોલીસના બોર્ડ મુકીને રોફ જમાવે છે આવા નબીરાઓ સામે પહેલા કડક કાર્યવાહી કરવી જોઈએ. જો પોલીસ તંત્ર દ્વારા ચોકકસ ગુનેગારો સામે પગલાં લેવાશે તો જ પ્રજાને તેમના ઉપર અને તેમની કાર્યવાહીઓ ઉપર વિશ્વાસ થશે. સામાન્ય જનતાને મોટી ઓળખાણો કયાંથી કાઢવી જેમને એક ફોનથી દંડ આપવો ન પડે? મોટા માણસો તો એક ફોન કરે ને કાર્યવાહી અટકી જાય. ગાંધીવાદી વિચારધારામાં સત્યના પંથે ચાલતા સત્યવાદી માણસો અને જવાબદાર તંત્ર જનતા પ્રત્યે કોઈ ભેદભાવ રાખ્યા વગર નિયમોનું પાલન કરાવશે તો જ ટ્રાફિક નિયમોના ભંગ થતા અટકશે.

●●●



વાહનોમાં કાળા કાચ ફીલ્મ લગાડવામાં આવે છે જે ખરેખર જરૂર નથી. રાત્રે વાહનચલાવતી વખતે અકસ્માતનો ભય રહે છે. આવા વાહનચાલકો ઉપર કાયેદસર પગલા લેવા જરૂરી છે અને દંડાત્મક પગલા ભરવા જોઈએ.

**- વિજયભાઈ શાહ, એકાઉન્ટ મેનેજર, શર્મા હુન્ડાઈ, અમદાવાદ**

●●●



આરટીઓના નિયમનો ભંગ ન થવો જોઈએ. તમામ નાગરિકો માટે એકસમાન નિયમો બનાવાય છે જેથી તમામ નાગરિકોએ તેનું પાલન કરવું જ જોઈએ. તેથી આરટીઓના રુલ્સ રેગ્યુલેશન પાળવાની અપીલ કરીએ છીએ.

**- એમ.કે. રાણા, ડીવાયએસપી, ગાંધીનગર**

●●●

કાયદા દરેક વ્યક્તિ માટે સમાન હશે તો જ સમાજ તેને અનુસરશે. નાના વ્યક્તિઓ પાસેથી જો દંડ કે કાયદાની અપેક્ષા રાખતા હોઈશું તો મોટા



વ્યક્તિઓને સૌ પ્રથમ દંડ કરવો પડશે. તો જ કાયદાની યથાર્થતા સચવાશે. આપણાં શાસ્ત્રો, ન્યાયશાસ્ત્ર અને પ્રખર વિદ્વાનો પણ સ્પષ્ટ પણે માને છે કે કાયદા સૌ માને સમાન હોવા જોઈએ. જેથી કાળા કાચવાળી ગાડીઓ અને નંબર પ્લેટ વગરની ગાડીઓવાળાને હેલ્મેટ કે સિટબેલ્ટ નહીં પહેરનાર કરતાં સવિશેષ દંડ થવો ઈચ્છનીય છે.

**- અમી શાહ (પ્રમુખ, રોટરી કલબ ઓફ કેપિટલ, ગાંધીનગર)**

●●●

ગુજરાતમાં હવે કોરોનાની ત્રીજી લહેર સમાપ્તીના આરે છે, ત્યારે ફરીથી ટ્રાફિકના નિયમો અંગે કડક થવાની પોલીસને સૂચના આપી દેવામાં આવી છે તો બીજીબાજુ ઘણા વાહનચાલકો એવા પણ છે કે જેમની પાસે હેલ્મેટ તો છે, પરંતુ ઘરે રાખીને વાહન ચલાવે છે તો ઘણા લોકો પાસે



હેલ્મેટ ન પહેરવાના બહાના પણ છે.

જોકે વાહનચાલકોની એવી પણ ફરિયાદ છે કે કોરોનાકાળમાં જ્યારે ઘણા લોકો પરેશાન છે, ઘણાના ધંધા રોજગાર ઠપ્પ છે, ત્યારે ટ્રાફિક પોલીસ દ્વારા કોઈને ખોટી રીતે હેરાન ન કરાય તેવી પણ અપીલ કરવામાં આવી છે. જો કે આ તો લોકોની રજૂઆત હતી. હેલ્મેટ પહેરવું અને સીટબેલ્ટ પહેરવું આમ તો વાહનચાલક માટે ખૂબ જ જરૂરી છે. કાયદાનું પાલન દરેક લોકોએ કરવું જ જોઈએ. સાથે અકસ્માતના કેસ ઘટાડવા પણ ખુબ જ જરૂરી છે.

આ ઝુંબેશને સફળ બનાવવા માટે નંબર પ્લેટ વિનાની ગાડીઓને અને કાળા કાચવાળા વાહનોને પણ જો મેમો આપવામાં આવે તો જ તેમાં સીટબેલ્ટ સ્પષ્ટ દેખાય અને મોબાઈલ પર વાત કરતા હોય તોપણ દેખાય તેનું પણ ધ્યાને લેવું જોઈએ.

**– સુરેન્દ્રસિંહ સી. વાઘેલા, (નિવૃત્ત મેનેજર ગુજરાત વાહન વ્યવહાર સેવા, જીટીએસ)**

●●●

અહીં આપણને નાના અને મોટા માણસ વચ્ચે થઈ રહેલો ભેદભાવ જોવા મળે છે. એક સામાન્ય માણસ જ્યારે હેલ્મેટ કે સીટબેલ્ટ વગર જોવા મળે ત્યારે તેને સામાન્ય સમજીને ઉભા રાખવામાં આવે છે. જ્યારે બ્લેક ફિલ્મ અને નંબર પ્લેટ વગરની કે



સરકાર દ્વારા આપવામાં આવેલ નંબર પ્લેટ સિવાય કોઈ અન્ય જોવા મળે તો તેમને કોઈ મોટા માણસ સમજીને કોઈ જ કાર્યવાહી કર્યા વગર જવા દેવામાં આવે છે. હા! બ્લેક ફિલ્મ જો RTO નાં નિયમ મુજબ સુસંગત હોય તો તેની માટે દંડ કરવાનો કોઈને અધિકાર નથી. મોટી અને મોંઘી ગાડીઓમાં આ વસ્તુઓ નિયમ વિરુદ્ધ હોય તો દંડ કરનાર કર્મચારી તેમને કંઈ જ બોલી નથી શકતો અને દંડ કરવા માટે પાછળ આવતો સામાન્ય માણસ નજરમાં આવી જાય છે.

**- વિશાલ બલાત**

●●●

હેલ્મેટ અને સિટબેલ્ટ ના પહેરનારાનો દંડ લેવા યોગ્ય વાત છે, પણ દંડની પણ માત્ર સજાપાત્ર રકમ લેવી જોઈએ અને તે વ્યક્તિને સમજાવી ને બીજીવાર આવી ભૂલ ન કરે એ તરફ પ્રોત્સાહન આપવું જોઈએ.

બીજું કે અમુક લોકો સત્તાનો કે રાજકીય અથવા આર્થિક દમ પર



કાળા કાચ અને નંબર પ્લેટ વગર બેફામ ગાડીઓ ચલાવે અને જાણે કે નિયમ એમના માટે લાગુ જ ન પડતો હોય એ રીતે વર્તતા હોય છે. એવા લોકો સામે પોલીસ ખાસ ઓપરેશન હાથ ધરીને દાખલારૂપ સજા કરવી જોઈએ જેથી કરીને બીજા પણ આવી રીતે ન કરે. કારણ કે નંબર પ્લેટ અને કાળા કાચની ગાડીમાં શું ચાલતું હોય અને ક્યારે બેફામ રીતે ચલાવીને કોઈ રાહદારી અથવા નાના વાહનચાલકને અકસ્માત કરીને ભાગી છૂટતાં હોય છે તેથી તેની ઓળખ પણ કરી શકાતી નથી એટલા માટે કાળા કાચ અને નંબર પ્લેટ વગરના વાહનો સામે કાયદેસરની કડક કાર્યવાહી સરકાર અને પોલીસતંત્ર દ્વારા કરવી જોઈએ.

**- જય માલીવાડ**

●●●



દીધું ને સટ...ટ્રાફિક ના કાયદાનું પાલન કરનાર મોટેભાગે ગરીબ - મધ્યમ વર્ગના લોકો હોય છે જેમને પોલીસ ના દંડ અને ઉદ્ધત વલણ નો ડર હોય છે. એ ખોટું ય નથી. પોલીસની નજર આવા નબળા, ગરીબ અને તેમનાથી ડરતા લોકો પર જ હોય અને એમને વધુ નિશાન બનાવી રોફ ઝાડે છે. ગરીબ મધ્યમ વર્ગને દંડ ન પોસાય એટલે ડરી ડરીને કાયદાના અમલ નો પ્રયાસ કરતો રહે છે. જ્યારે કાળા કાચની કાર લઈને સિટબેલ્ટ સહિતના કાયદાઓનો ભંગ કરનાર મોટે ભાગે માલેતુજાર, વગદાર કે માથાભારે પોલીસ સાથે સીધો સુવાળો સંબંધ ધરાવતા હોય પોલીસ એમની આંખ આડે આડા કાન ધરે... આગે સે યે સિસ્ટમ ચાલી આતી હૈ... સોશ્યલ મીડિયા કે ન્યૂઝ મીડિયા માં રોજ આના દાખલા જોવા સાંભળવા મળે જ છે. પોલીસ નો દંડનીય દંડો એક જ હાથે એક બાજુએ ઘૂમતો રહે અને બીજો હાથ પેલા માલેતુજાર, વગદાર વર્ગ તરફ દંડા વિનાનો... ખુલ્લો.. ફેલાયેલો..

**- નીતિનભાઈ પટેલ (સિનિયર પત્રકાર)**

●●●



હેલ્મેટ અને સીટ બેલ્ટ ન પહેરનાર વ્યક્તિ ને પોલીસ વાળા મોટો દંડ કરે છે તે વ્યાજબી નથી. દરેક નાગરિક પોતાની સલામતી તથા ફરજ સારી રીતે સમજે છે. જયારે કાળા કાચવાળી નંબર વગરની ગાડીમાં અનૈતિક અને બે નંબરના ધંધા થતાં હોય છે, જેને કોઈ રોકતા નથી. આ કોને કહેવું?

**- ચંદ્રકાંત સોની, નિવૃત્ત ઉપસચિવ**

# સેકટર-૧૫ ખાતે કર્મકાંડ તાલીમની પૂર્ણાહૂતિ

ગાંધીનગર, તા.૧૭
ગુજરાત સરકાર દ્વારા અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાની ગુરુ બ્રાહ્મણ સમાજ માટે મહર્ષિ સ્વામી તેજાનંદ કર્મકાંડ તાલીમ યોજના અંતર્ગત જીલ્લા નાયબ નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા ટુંકા ગાળાની તાલીમ સેકટર-૧૫ ખાતે યોજવામાં આવી હતી. આ તાલીમ વર્ગોમા ગુરુ બ્રાહ્મણ સમાજના ૧૫ તાલીમાર્થીઓએ રહેવા જમવાની સગવડ સાથે તાલીમ મેળવી હતી.

આ તાલીમ ગુરુ બ્રાહ્મણ



સમાજના તજજ્ઞો દિનેશભાઈ શુક્લ, પ્રકાશભાઈ આચાર્ય, ભકિતપ્રસાદ, ઉત્તમ મહારાજ, મહેશભાઈ શાસ્ત્રી, અશોકભાઈ શ્રીમાળી, પ્રવિણભાઈ શ્રીમાળી, બાબુભાઈ, જીતુભાઈ પીપળકર વિગેરેએ કર્મકાંડના અલગ અલગ વિષયોની તાલીમ સાથે પ્રેકટીકલ જ્ઞાન પણ આપ્યુ હતું.

આ તાલીમ વર્ગની પૂર્ણાહૂતિ ૧૭/૩ને ગુરુવારે સવારે ૯થી ૧૨ યોજાઈ હતી તેમા સમાજ કલ્યાણ અધિકારી પ્રદીપ શ્રીમાળી. નિવૃત્ત નાયબ નિયામક સમાજ કલ્યાણ પી બી. શ્રીમાળી. મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી ગોસ્વામીભાઈ તથા સ્ટાફમાંથી જાનીભાઈ ઉપરાંત સામાજિક અગ્રણી ભાનુભાઈ દવે અને ગુરુ બ્રાહ્મણ સમાજનાં તજજ્ઞો હાજર રહ્યા હતા. આ તમામના હસ્તે કર્મકાંડીના વસ્ત્રો, પુસ્તકો, કર્મકાંડના સાધનો અને તાલીમ મેળવ્યા બદલના પ્રમાણપત્રો વિતરણ કરવામાં આવ્યા હતા. જેમાં પાનાચંદ દવેએ પૂર્ણાહૂતિની વ્યવસ્થા કરી હતી.

અનુ.જાતિઓ માટેની સરકારની વિવિધ યોજનાઓની માહિતી આપીને તેનો બહોળો પ્રચાર કરવા માટે નિવૃત્ત નાયબ નિયામક સમાજ કલ્યાણ પી.બી. શ્રીમાળીએ તાલીમાર્થીઓને અનુરોધ કર્યો હતો.



જલારામ મહિલા મંડળ તરફથી હોળી નિમીત્તે ગાંધીનગરની સરકારી શાળાઓ ૨૦, ૨૯, તથા ૩૦ ના તમામ બાળકો ને ખજૂર ધાણી આપવામાં આવ્યા હતા. આ સેવાના કાર્યમાં પ્રમુખ મીતલબેન રાણા ની સાથે મંત્રી ઉષાબેન ઠક્કર તથા કારોબારીના સભ્યો નીતાબેન ધોકઈ, દિપ્તીબેન દસાણી, પ્રવિણાબેન દત્તાણી, નીતાબેન રાણા તથા કવિતા કોટક એ હાજર રહી સહયોગ આપ્યો હતો.

# રવિવારે બપોરે સે-૨૨માં જૈન દેરાસર પાસે પાણીના કુંડાનું નિઃશુલ્ક વિતરણ કરાશે

ગાંધીનગર, તા.૧૭
ઉનાળો આવતાં જ મનુષ્યની સાથે સાથે પક્ષીઓમાં પણ પાણીની જરૂરિયાત ઉભી થતી હોય છે, પક્ષીઓની પાણીની તરસ છીપાતી રહે એ હેતુથી દર વર્ષે પ્રકૃતિ યુવા સેવા ટ્રસ્ટ દ્વારા પાણીના કુંડાનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવે છે એ સાથે જ હેપ્પી યુથ કલબ દ્વારા ચકલીઓના માળાનું પણ વિતરણ કરવામાં આવે છે. આગામી તારીખ ૨૦મી માર્ચ એટલે કે ‘વિશ્વ ચકલી દિન નિમિત્તે’ પ્રકૃતિ યુવા સેવા ટ્રસ્ટ દ્વારા પાણીના કુંડા અને હેપ્પી યુથ કલબ દ્વારા ચકલીઓના માળાનું ગાંધીનગરના ૧૭/૨૨ વિસ્તારમાં જૈન દેરાસર પાસે બપોરે ૩ થી સાંજ ૬ વાગ્યા સુધી વિના મૂલ્યે વિતરણ કરવામાં આવશે. આપની નાની અમથી મદદ પક્ષીઓના જીવ બચાવી શકે છે. પાણીના કુંડા અને ચકલીઓના માળાનું વિતરણ વ્યક્તિ દીઠ એક નંગ અનુસાર વહેલાં તે પહેલાના ધોરણે કરાશે જેનો લાભ લેવા શહેરની જનતાને સંસ્થા દ્વારા જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. આ સાથે પક્ષી બચાવ અભિયાન અંતર્ગત સંસ્થાના હેલ્પલાઈન નંબર તેજસભાઈઃ ૭૮૭૪૦ ૦૮૭૮૮, અમિતભાઈઃ ૮૪૦૧૪ ૮૮૫૮૮ અથવા વિવેકભાઈઃ૯૮૯૮૮ ૨૫૬૨૧ નો સંપર્ક સાધી શકાશે.



સરકારી પ્રાથમિક શાળા સેક્ટર-૩૦ નાના બાળકોને હોળી પર્વની ઉજવણી નિમિત્તે ધાણી અને ખજુરનો નાસ્તો આપવામાં આવ્યો હતો. તથા બાળકોને કંકુ તિલક કરીને હોળી પર્વની શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

# વિશ્વ ચકલી દિન નિમિત્તે ગાંધીનગરમાં ‘હેપ્પી સ્પેરો વીક-૨૦૨૨’ ઉજવાશે

## હેપ્પી યુથ ક્લબ પાંચ હજાર ‘ચકલી-ઘર’નું વિના મૂલ્યે વિતરણ કરાશે અને બાળકોને ચકલીઘર બનાવતા શીખવાડશે : વિવિધ સ્થળે જળ સિંચનની વ્યવસ્થા સાથે પક્ષી પરબોનું સ્થાપન કરાશે

ગાંધીનગર, તા.૧૭
ગાંધીનગરમાં પણ સતત પાંચમા વર્ષે હેપ્પી યૂથ ક્લબ દ્વારા વિશ્વ ચકલી દિવસ નિમિત્તે ‘હેપ્પી સ્પેરો વીક’નું આયોજન કરવામાં આવ્યું છે. હેપ્પી સ્પેરો વીકનો પ્રારંભ તા. ૧૯મી માર્ચથી થશે જે તા.૨૭મી માર્ચ સુધી ઉજવાશે જેમાં શહેરમાં આશરે ૫ હજાર કરતા વધુ હેપ્પી ચકલી ઘરનું વિના મૂલ્યે વિતરણ કરવામાં આવશે. આ ઉપરાંત શહેરમાં વિવિધ શૈક્ષણિક સંસ્થાઓના સંકુલમાં તથા જાહેર સ્થળો ખાતે સમગ્ર ઉનાળામાં નિયમિત જળ સિંચન થાય તેવી વ્યવસ્થા સાથે માટીના કુંડાની પક્ષી પરબોનું સ્થાપન કરાશે. શહેરની કેટલીક પ્રાથમિક શાળાના બાળકોને વિના મૂલ્યે નકામા ખોખા કે પુંઠાના બોકસમાંથી ચકલી ઘર બનાવવાનું શિખવાડવામાં આવશે જેનો ઉદ્દેશ બાળકોને વૃક્ષો અને ચકલી જેવા પક્ષીઓના યોગદાન અંગે સમજ આપી બાળકોમાં પર્યાવરણના જતનની ભાવના કેળવાય તે માટે પ્રયાસ કરવામાં આવશે.

### હેપ્પી ચકલી ઘરનું વિતરણ ક્યાં અને ક્યારે?

**વિતરણ સમય : દરરોજ સવારે ૮:૩૦ થી ૧૦ વાગ્યા સુધી**


- તા.૧૯મી માર્ચ, શનિવાર : શ્રી બલરામ મંદિર આગળ, સેક્ટર-૧૨
- તા.૨૦મી માર્ચ, રવિવાર : પાટનગર યોજના ભવન સામે, સેક્ટર-૧૬
- તા.૨૧મી માર્ચ, સોમવાર : સ્વામિનારાયણ મંદિર પાસે, સેક્ટર - ૨
- તા.૨૨મી માર્ચ, મંગળવાર : સ્વામી વિવેકાનંદ શોપિંગ સેન્ટર પાસે, વાવોલ
- તા.૨૩મી માર્ચ, બુધવાર : રાજવી ફૂડ કોર્નર, પ્રતિક મોલ, કુડાસણ
- તા.૨૪મી માર્ચ, ગુરુવાર : જન ઔષધી કેન્દ્ર પાસે, રોડ નં.૬, સેક્ટર-૨૪
- તા.૨૫મી માર્ચ, શુક્રવાર : ગાયત્રી મંદિર પાસે, સેક્ટર - ૧
- તા.૨૬મી માર્ચ, શનિવાર : પ્રમુખનગર,પટેલ પાર્લર પાસે, સરગાસણ ટીપી-૯
- તા.૨૭મી માર્ચ, રવિવાર : ઓમકારેશ્વર મંદિર પાસે, સેક્ટર-૪
- તા.૨૮મી માર્ચ, સોમવાર : ગુપ્તા કોમ્પ્લેક્સ સેક્ટર -૧૪
- તા.૨૯મી માર્ચ, મંગળવાર : સૂર્યા સર્કલ, સરગાસણ
- તા.૩૦મી માર્ચ, બુધવાર : સરદાર સર્કલ પાસે, કુડાસણ


‘હેપ્પી સ્પેરો વીક’ના પ્રોજેકટ કો-ઓર્ડિનેટર રાજુભાઈ મકવાણાએ જણાવ્યુ છે કે ‘આશરે ૧૦ વર્ષ પૂર્વે તેમના ઘરે માળો




બનાવવા કાર્યરત એક ચકલી અકસ્માતે પંખામાં આવી જતાં કરૂણ મોતને ભેટી હતી. આ ઘટનાએ મારા હદયને હચમચાવી મૂક્યું હતું ત્યારથી મે નક્કી કર્યું હતું કે હું ચકલી સહિતના નાના પંખીઓના સલામત વસવાટ માટે મારાથી બનતા પ્રયત્નો કરીશ અને ત્યારથી હું દર વર્ષે વિશ્વ ચકલી દિવસે “ચકલી-ઘર”નું વિના મૂલ્યે વિતરણ કરું છુ. છેલ્લા પાંચ વર્ષથી હું હેપ્પી યૂથ ક્લબ સાથે જોડાઈને આ કાર્ય કરું છુ જેમાં અમે આખું “હેપ્પી સ્પેરો વીક” ઉજવીએ છીએ. “હેપ્પી સ્પેરો વિક” દરમ્યાન હેપ્પી યુથ કલબ દ્વારા શહેરમાં આશરે પાંચ હજાર “હેપ્પી ચકલી ઘર”નું વિના મૂલ્યે વિતરણ કરવામાં આવશે તેમજ સ્વયંસેવકોની ટીમો બનાવી શહેરના વિવિધ શૈક્ષણિક સંકુલો તથા કેટલાક જાહેર સ્થળો ખાતે આવનાર ઉનાળાની કાળઝાળ ગરમીમાં પક્ષીઓની તરસ છીપાય તે હેતુથી પક્ષી પરબનું સ્થાપન કરવામાં આવશે તેમજ તેમાં નિયમિત જળસિંચનની કાળજી લેવાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવશે.’

## જન્મદિને વધામણી


કનુભાઈ પંચાલ


માયા બારોટ



યશ્વી કે ચૌહાણ
મો. ૯૭૧૨૭ ૩૩૩૧૬


યુવરાજ
દિનેશકુમાર રાઠોડ
મો. ૯૮૯૮૭ ૩૦૬૨૭


પાહી ડી પરમાર


પાવી ડી પરમાર


ધનરાજસિંહ
કરણસિંહ બિહોલા


મીત અશોકકુમાર ઉપાધ્યાય
મો. ૯૯૯૮૮ ૬૫૧૫૧

### સંસ્કાર ગ્રુપ દ્વારા સે-૭માં હોળી-ધૂળેટી પર્વની ઉજવણી કરાશે

સંસ્કાર ગ્રુપ દ્વારા હોળી-ધૂળેટી પર્વની ઉજવણીના ભાગ રૂપે હર્બલ કલર લઈ ફૂટ પ્રીન્ટ કરવામાં આવશે, વૃક્ષોને કલર કરવામાં આવશે, બાળકોને ધાણી, ખજૂર, કલર, ચંદન, હલ્દી, કંકુ આપીને શુભેચ્છા પાઠવવામાં આવશે તથા કેસૂડાના કલરનું મહત્વ સમજાવવામાં આવશે. આ કાર્યક્રમ સે-૭ સુવિધા કચેરી પાસે સવારે ૯ થી ૧૦ વાગે યોજાશે.